**બહુચરાજીના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ. બહુચરાજી**

ક્રિમીનલ કેસ નંબર–
૪૩૨/૨૦૨૫
આંક–

ફરિયાદીઃ– – ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિ રૂ દ્ધ**

આરોપી– ૧. ઠાકોર મહેંન્દ્રજી ચમનજી, ઉ.વ.૩૦
રામાપીરવાસ તા.બહુચરાજી જી.મહેસાણા
૨. ઠાકોર લક્ષ્મણજી અમરસંગ, ઉ.વ.૩૬
ભલગામડા તા.બહુચરાજી જી.મહેસાણા

**ગુનાનો ચાર્જઃ–** – **જુગારધારા કલમ–૧૨ મુજબ.**

**––// જ જ મે ન્ટ //––**

૧. આરોપીઓ વિરૂદ્ધ **જુગારધારા કલમ–૧૨** મુજબના ગુનાનો આરોપ મૂકવામાં આવેલ છે.

૨. સદરહું કામે આરોપીઓ હાજર થતાં તેને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાની કબુલાત કરી એક અલાયદી કબુલાત પુરસીસ આપેલ, જે કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોવાનું જણાતાં આરોપીઓને આક્ષેપિત ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૩. વિ.એ.પી.પી.શ્રીની રજૂઆત ધ્યાને લીધી, કેસ પેપર્સ ધ્યાને લીધા. આરોપીઓની કબુલાત અને આરોપીઓ તરફે થયેલ રજૂઆત તથા કબુલાત પુરસીસના કારણો ધ્યાને લેતાં આરોપીઓનો આ પ્રથમ ગુનો છે, હવે પછી આવો ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે. આરોપીઓ ગરીબ વર્ગનો છે તથા ગુનો કર્યાનો તેને પસ્તાવો અને અફસોસ કરે છે અને દયાની અરજ ગુજારેલ છે. વધુમાં, તમામ સંજોગો જોતાં આરોપીઓ ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા સંજોગો છે, તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે અને તે આધારે આરોપીઓની કબુલાત તથા દયા અરજ ગ્રાહ્ય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તથા કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોરમેટીવ) હેતુને ધ્યાનમાં રાખી ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

- આ કામના આરોપી નં.૧ અને ૨ નાઓને **<u>જુગારધારા કલમ–૧૨</u>** મુજબના ગુના માટે દોષિત ઠરાવી પ્રત્યેક આરોપીને રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) પ્રમાણે કુલ રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.
- આ કામનો મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય વિત્યાબાદ સરકારશ્રીમાં જમા લેવી તેમજ અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મોબાઇલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને હુકમ થયેલ ન હોય તો અપિલ સમય વિત્યે માલીકીપણાની ખરાઈ કરી મુદ્દામાલ માલીકને પરત કરવો અને જો મુદ્દામાલ પરત ન લઈ જાય તો અપિલ સમય વિત્યાના છ માસ બાદ મુદ્દામાલની હરાજી કરી ઉપજેલ નાણા સરકારશ્રીમાં જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૪.૦૩.૨૦૨૬
સ્થળ – બહુચરાજી

(સંદિપ ઇશ્વરભાઇ ચૌહાણ)
જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, બહુચરાજી
(કોડ નં.જી.જે.૦૧૫૮૦)